

RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 09
Issue : 345
Dt.: 20-10-2025, Monday
Page:04
Rs.00.50 paisa

EDITOR : RAGINI JIGNESHKUMAR VAGHELA Regd. Office : B/13, Sneh Plaza Shopping Centre, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Gujarat, India.

Phone : 76983 33307 (M) 84859 51747, 70963 33307 ● Email : navsarjansanskruti2016@gmail.com ● Email : navsarjansanskruti2016@yahoo.com ● Website : www.navsarjansanskruti.com


### ગાઝામાં હમાસે ઈઝરાયલી સૈનિકો પર હુમલો કર્યો

# ડોનાલ્ડ ટ્રમ્પને ઝટકો: ગાઝા પર ફરીવાર ઈઝરાયલનો હુમલો

**દક્ષિણ ગાઝાના રફાહમાં આતંકવાદીઓએ ઈઝરાયલી સેના પર હુમલો કર્યો છે : ઈઝરાયલ સંરક્ષણ દળે હવાઈ હુમલો કરીને જવાબ આપ્યો છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાઝા

ઈઝરાયલ અને હમાસ વચ્ચે યુદ્ધવિરામના તમામ દાવાઓ વચ્ચે, જે ડર હતો તે જ થયું. ટ્રમ્પે ભલે સમગ્ર વિશ્વમાં ગાઝા શાંતિ કરારનો પ્રચાર કર્યો હોય, પરંતુ તેમાંથી કંઈ બહાર આવ્યું નહીં. યુદ્ધવિરામ વચ્ચે, ગાઝામાં ફરી એકવાર વિસ્ફોટો ગુંજી ઉઠ્યા છે. દક્ષિણ ગાઝાના રફાહમાં આતંકવાદીઓએ ઈઝરાયલી સેના પર હુમલો કર્યો છે. ત્યારબાદ ઈઝરાયલ સંરક્ષણ દળે હવાઈ હુમલો કરીને જવાબ આપ્યો છે. યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટે પહેલાથી જ એક અહેવાલ બહાર પાડ્યો હતો, જેમાં ચેતવણી આપવામાં આવી હતી કે હમાસ ગાઝા પર હુમલો કરવાની તૈયારી કરી રહ્યું છે.

IDF અનુસાર, શુક્રવારે, રફાહ વિસ્તારમાં એક ટનલમાંથી ઘણા આતંકવાદીઓ બહાર આવ્યા અને ઈઝરાયલી સૈનિકો પર ગોળીબાર કર્યો, જોકે આ ઘટનામાં કોઈ જાનહાનિના અહેવાલ નથી. જો કે, હમાસે આ આરોપોને સંપૂર્ણપણે નકારી કાઢ્યા છે, તેમને ઈઝરાયલી પ્રચાર ગણાવ્યો છે.

ઈઝરાયલના ચેનલ ૧૨ ના અહેવાલ મુજબ, ઈઝરાયલી સૈનિકો પરના હુમલા બાદ ઈઝરાયલી સૈન્યએ ગાઝામાં હવાઈ હુમલો કર્યો. ઈઝરાયલી નૌકાદળે બંદર તરફ ગોળીબાર પણ કર્યો. IDF એ આ હુમલા અંગે કોઈ ટિપ્પણી કરી નથી. જો કે આ યુદ્ધવિરામમાં બંધકોના મૃતદેહો પરત કરવા અંગે ઈઝરાયલ અને હમાસ વચ્ચે વિવાદ ચાલી રહ્યો છે. ઈઝરાયલ માંગ કરી રહ્યું છે કે હમાસ કરાર મુજબ ૨૮ બંધકોના મૃતદેહો પરત કરે. હમાસે ૨૦ જીવિત બંધકોને પરત કર્યા છે પરંતુ ફક્ત ૧૨ મૃતદેહો છે. તેમનો દાવો છે કે કેટલાક મૃતદેહો કાટમાળ નીચે દટાયેલા છે અને તેમને પાછા મેળવવા માટે તેમની પાસે જરૂરી સાધનોનો અભાવ છે. આનાથી ઈઝરાયલનો ગુસ્સો ભડકી રહ્યો છે, અને ગાઝા પર યુદ્ધવિરામ કરાર હેઠળ તેની જવાબદારીઓ પૂર્ણ કરવામાં નિષ્ફળ રહેવાનો આરોપ મૂકવામાં આવી રહ્યો છે. યુદ્ધવિરામ અંગે ઈઝરાયલ અને હમાસ વચ્ચે ચાલી રહેલા તણાવ વચ્ચે ઈઝરાયલી સેનાએ ગાઝા પર હુમલો કર્યો છે. રોઈટર્સે ઈઝરાયલી મીડિયાને ટાંકીને આ માહિતી આપી છે. ઈઝરાયલના મીડિયા અનુસાર, આ હુમલો એવા સમયે થયો છે જ્યારે અમેરિકાએ પેલેસ્ટિનિયન આતંકવાદી સંગઠન હમાસ પર ગાઝા પટ્ટીમાં પેલેસ્ટિનિયનો પર હુમલાનું આયોજન કરવાનો આરોપ લગાવ્યો છે. હમાસે આ આરોપોને ઈઝરાયલી પ્રચાર ગણાવીને ફગાવી દીધા છે. તેમજ ઈઝરાયલી સેનાએ ગાઝામાં થયેલા હુમલા અંગે કોઈ ટિપ્પણી કરી નથી.

પેલેસ્ટિનિયન અહેવાલો અનુસાર, રવિવારે સવારે દક્ષિણ ગાઝામાં રફાહ નજીક ઈઝરાયલી દળો પર હુમલો કરવામાં આવ્યો હતો, જેના કારણે ઈઝરાયલી દળોએ હવાઈ હુમલાનો જવાબ આપ્યો હતો. ઈઝરાયલી નૌકાદળના જહાજોએ પણ દરિયાકાંઠા તરફ ભારે ગોળીબાર કર્યો હતો.

યુદ્ધવિરામ અમલમાં આવ્યાના એક અઠવાડિયા પછી અને ઈઝરાયલી દળોએ ગાઝા પટ્ટીના લગભગ અડધા ભાગમાંથી પીછેહઠ કરી તેના એક અઠવાડિયા પછી આ હુમલો થયો છે. આનાથી યુદ્ધવિરામની અસરકારકતા અંગે ચિંતા વધી છે. ઈઝરાયલી વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ શનિવારે કડક ચેતવણી આપી હતી કે જ્યાં સુધી હમાસ સંપૂર્ણપણે નિઃશસ્ત્ર ન થાય અને પેલેસ્ટિનિયન પ્રદેશોને બિનલશ્કરીકરણ ન થાય ત્યાં સુધી ગાઝામાં યુદ્ધ બંધ નહીં થાય. આ નિવેદન શનિવારે રાત્રે હમાસના લશ્કરી પાંખ, ઈઝેદીન અલ-કાસમ બ્રિગેડ્સ દ્વારા યુએસ-મધ્યસ્થી યુદ્ધવિરામ કરારના ભાગ રૂપે બે વધુ બંધકોના મૃતદેહ સોંપ્યા પછી આવ્યું છે. નેતન્યાહૂએ તે જ દિવસે જાહેરાત કરી હતી કે ગાઝા અને ઈજિપ્ત વચ્ચેનો રફાહ સરહદ ક્રોસિંગ આગામી સૂચના સુધી બંધ રહેશે.

# દિવાળી પહેલા મોટી દુર્ઘટના: મુંબઈથી બિહાર જતી ટ્રેનમાંથી નીચે પડ્યા ૩ મુસાફરો, ૨ના મોત

**નાસિક રોડ રેલવે સ્ટેશનથી થોડે દૂર ત્રણ મુસાફરો ટ્રેનમાંથી નીચે પડ્યા, એક શખ્સ ગંભીર રીતે ઈજાગ્રસ્ત**

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

મુંબઈના લોકમાન્ય તિલક ટર્મિનસથી બિહાર જતી કર્મભૂમિ એક્સપ્રેસમાં મોટી દુર્ઘટના સર્જાઈ. નાસિક રોડ રેલવે સ્ટેશનથી થોડે દૂર ત્રણ મુસાફરો ટ્રેનમાંથી નીચે પડી ગયા, જેમાંથી બે મુસાફરોનું ઘટનાસ્થળે જ મોત થયું છે, જ્યારે એક શખ્સ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો છે. હજુ સ્પષ્ટ નથી કે મુસાફરો દિવાળીનો તહેવાર માનવવા માટે જઈ રહ્યા હતા કે આગામી બિહાર ચૂંટણીમાં મતદાન માટે - આની તપાસ ચાલી રહી છે.

આ ઘટનાની જાણ થતાં જ નાસિક રોડ પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને મૃતકોના મૃતદેહો કબજે કર્યા હતા. પોલીસના જણાવ્યા અનુસાર, બંને મૃતક યુવકોની ઉંમર ૩૦ થી ૩૫ વર્ષની હોય તેવું લાગી રહ્યું છે. બીજી તરફ, ત્રીજા મુસાફરને ગંભીર હાલતમાં જિલ્લા સરકારી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. હજુ સુધી ત્રણેય મુસાફરોની ઓળખ થઈ શકી નથી. પોલીસે આ મામલે આકસ્મિક મૃત્યુનો કેસ નોંધ્યો છે અને તપાસ શરૂ કરી છે. પ્રાથમિક તપાસમાં એવું માનવામાં આવી રહ્યું છે કે, ભીડના કારણે મુસાફરો ટ્રેનમાંથી નીચે પડી ગયા હતા. દિવાળીના તહેવાર



પર ઉત્તર ભારત જતી ટ્રેનોમાં ભારે ભીડ રહે છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ પણ તપાસ કરવામાં આવી રહી છે કે શું મુસાફરો પોતાના ગામડે તહેવાર મનાવવા માટે જઈ રહ્યા હતા કે પછી બિહાર ચૂંટણીમાં મતદાન માટે મુસાફરી કરી રહ્યા હતા. જાણવા મળ્યું છે કે મુસાફરો જનરલ કોચમાં મુસાફરી કરી રહ્યા હતા. તેમનો સામાન મળી આવ્યો છે, જેના આધારે તેમની ઓળખ કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે.

# ઉત્તરાખંડની સરકારે ૩% મોંઘવારી ભથ્થું વધાર્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)દહેરાદુન

દિવાળી પહેલાં ઉત્તરાખંડના સરકારી કર્મચારીઓ અને પેન્શનરો માટે સારા સમાચાર સામે આવ્યા છે. મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ રાજ્યના કર્મચારીઓના મોંઘવારી ભથ્થા અને મોંઘવારી રાહતમાં ૩ ટકાનો વધારો કરવાની મંજૂરી આપી દીધી છે. આનાથી હજારો સરકારી કર્મચારીઓ અને પેન્શનરોને રાહત મળશે. સીએમ ઓફિસ તરફથી જાહેર કરાયેલા નિવેદન મુજબ, આ વધારો ૧ જુલાઈ ૨૦૨૫થી લાગુ ગણાશે અને તેની ચૂકવણી ઓક્ટોબરના પગાર સાથે નવેમ્બરમાં કરવામાં આવશે. આ નિર્ણય માત્ર રાજ્ય સરકારના કર્મચારીઓ પર જ નહીં, પરંતુ સ્થાનિક સંસ્થાઓ અને રાજ્ય સરકારના જાહેર ઉપક્રમોના કર્મચારીઓ તેમજ પેન્શનરો પર પણ લાગુ થશે. અન્ય રાજ્યોએ પણ કરી જાહેરાત ઉત્તરાખંડ ઉપરાંત અન્ય ઘણાં રાજ્યોએ દિવાળી પહેલાં પોતાના કર્મચારીઓ માટે DA વધારવાની જાહેરાત કરી છે. ઉત્તર પ્રદેશમાં મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ૧૭ ઓક્ટોબરે DA વધારવાની જાહેરાત કરી હતી.

યુપીમાં મોંઘવારી ભથ્થું ૫૫%થી વધારીને ૫૮% કરવામાં આવ્યું છે. સીએમ યોગીએ કહ્યું હતું કે, આ નિર્ણય તહેવારોના સમયે કર્મચારીઓ અને પેન્શનરોના જીવનમાં 'સંતોષ, સુરક્ષા અને સમૃદ્ધિનો દીપક' પ્રગટાવશે.

દિવાળી પહેલા લાખો કર્મચારીઓ ખુશ-ખુશઓડિશાના મુખ્યમંત્રી મોહન ચરણ માઝીએ ૧૬ ઓક્ટોબરે કર્મચારીઓ માટે ૩% DA વધારવાની જાહેરાત કરી હતી, જેનાથી ત્યાં DA ૫૫%થી વધીને ૫૮% થયો છે. કર્ણાટક સરકારે ૧૫ ઓક્ટોબરે ૨% DA વધારીને ૧૪.૨૫% કર્યો છે. બિહાર, ઝારખંડ અને સિક્કિમ જેવા રાજ્યોમાં પણ કર્મચારીઓ માટે ડીએ વધારવાની જાહેરાત થઈ ચૂકી છે. એવી સ્થિતિમાં દિવાળી પહેલા લાખો કર્મચારીઓ ખુશ-ખુશ થઈ ગયા છે.

# અમદાવાદથી દરભંગા જતી ટ્રેન પર કાનપુરમાં પથ્થરમારો

(સંપૂર્ણ સમાચાર સેવા)કાનપુર

દિવાળીના તહેવારમાં ટ્રેનમાં ભારે ભીડ ઉમટી છે, ત્યારે અમદાવાદથી દરભંગા જતી ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેન પર યુપીના કાનપુરમાં પથ્થરમારો કરાયો હોવાની ઘટના સામે આવી છે. કાનપુરના ભીમસેન સ્ટેશન પર ટ્રેન ઊભી રહી ત્યારે અચાનક કેટલાક અસામાજિક તત્ત્વોએ પથ્થરમારો કર્યો હતો. સમગ્ર ઘટનાને લઈને મુસાફરોમાં ભારે ભય જોવા મળ્યો હતો. પથ્થરમારાની ઘટનામાં ટ્રેનના એન્જિનના કાચ તૂટી જતાં ટ્રેન ચાલકને એન્જિનની બારી બંધ કરવી પડી હતી. મળતી માહિતી મુજબ, અમદાવાદથી બિહાર જતી આ સ્પેશિયલ ટ્રેન દર વર્ષે દિવાળી અને છઠ મહાપર્વ પર દોડાવવામાં આવે છે. પરંતુ આ વર્ષે કેટલાક લોકોએ ટ્રેન પર પથ્થમારો કરતાં મુસાફરોમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. સમગ્ર ઘટના મામલે ટ્રેનના ડ્રાઈવરે તરતજ કન્ટ્રોલ રૂમમાં ઘટના અંગે જાણકારી આપીને ટ્રેનને રોકી રાખી હતી. ઘટનાની જાણ થતાં તાત્કાલિક રેલવે પ્રોટેક્શન ફોર્સ (RPF)ની ટીમ ઘટનાસ્થળે પહોંચીને સ્થિતિ અંગે જાણકારી મેળવી હતી. જેમાં ભીમસેન સ્ટેશન માસ્ટરની લેખિત ફરિયાદના આધારે RPFના અધિકારીએ અજાણ્યા શખ્સો વિરૂદ્ધમાં કેસ દાખલ કર્યો છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે, જ્યારે ટ્રેન આઉટર સિગ્નલ પર ઊભી હતી, ત્યારે કેટલાક યુવકોએ બહારથી પથ્થરો ફેંક્યા હતા.

RPF સ્ટેશન આસપાસના વિસ્તારમાં બંદોબસ્ત ગોઠવી દીધો છે અને પથ્થરમારો કરનારાને ઝડપી પાડવા માટે સીસીટીવી ફૂટેજ ચકાવવામાં આવી રહ્યા છે. સમગ્ર મામલે રેલવે પોલીસે ૬થી વધુ અજાણ્યા લોકો સામે ફરિયાદ નોંધીને આગળની તપાસ હાથ ધરી છે. રેલવે તંત્રએ ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને સુરક્ષા વધારવા નિર્દેશ કર્યો છે.

તહેવારના સમયે ટ્રેનમાં જોવા મળતી ભીડના કારણે આ પ્રકારની ઘટનાની આશંકા રહે છે. એટલાં માટે રેલવે અધિકારીએ મુસાફરોને અપીલ કરી છે કે, લોકો ધીરજ જાળવી રાખે અને આ પ્રકારની શંકાસ્પદ ઘટનાને લઈને તાત્કાલિક રેલવે હેલ્પલાઈન અથવા સ્ટેશન માસ્ટરને જાણકારી આપે.

# મથુરાના વિશ્વ પ્રસિદ્ધ બાંકે બિહારી મંદિરના ખજાનાનો રૂમ ખોલાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)મથુરા

મથુરાના વિશ્વ પ્રસિધ્ધ બાંકેબિહારીના મંદિરમાં ૫૪ વર્ષ બાદ ખજાનાનો રુમ આજે ધનતેરસના દિવસે ખોલવામાં આવ્યો છે.મંદિર પરિસરમા ભારે પોલિસ દળ તૈનાત કરવામાં આવ્યું છે અને સુરક્ષાનો કડક બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.શ્રધ્ધાળુઓ અને સ્થાનિક લોકોમાં ઉસ્સુકતા અને ઉત્સાહનો માહોલ છે, કેમ કે આ રૂમ અડધી સદી સુધી બંધ હતો.તેને મંદિરનો ખજાનો માનવામાં આવે છે. મંદિરમા ઉપસ્થિત સેવારત આભાસ ગોસ્વામી એ જણાવ્યું કે મંદિરના ગર્ભગૃહની બરાબર સ્થિત આ રુમ ને દાયકાઓ અગાઉ સુરક્ષાના કારણે બંધ કરાયો હતો. અગાઉ સુરક્ષાની યોગ્ય વ્યવસ્થા થઈ ન હતી, એટલે ઠાકોરજીનો દૈનિક ઉપયોગી સામાન વાસણો,કળશ, સ્નાન સામગ્રી વગેરે આ રૂમમા સુરક્ષીત રાખવામાં આવતો હતો. આ ઉપરાંત ચાંદી અને સોનાના નાના આભુષણો સ્ટેટ બેંક મથુરામાં જમા રાખ્યા હતાં.

### યુક્રેનના ખજાના પર રશિયાની નજર!

# ૧૧ વર્ષથી ડોનેસ્ક પર કબજો કરવાનો રશિયાનો પ્રયાસ

(સંપૂર્ણ સમાચાર સેવા)મોસ્કો

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિન વચ્ચે તાજેતરમાં ફોન પર વાતચીત થઈ છે. આ દરમિયાન પુતિને સ્પષ્ટ કહ્યું છે કે જો યુક્રેન ડોનેત્સ્ક વિસ્તાર રશિયાને સોંપી દે તો યુદ્ધ સમાપ્ત થઈ શકે છે. વોશિંગ્ટન પોસ્ટના રિપોર્ટ મુજબ આ વાતચીતની માહિતી વરિષ્ઠ અધિકારીઓએ આપી હતી. પુતિનના પ્રસ્તાવ પરથી લાગી રહ્યું છે કે, યુદ્ધમાં ડોનેત્સ્ક શહેર તબાહ થઈ ગયું છે છતાં પુતિનને આ શહેરમાં રસ કેમ છે? વ્લાદિમીર પુતિન છેલ્લા ૧૧ વર્ષથી ડોનેત્સ્ક પર કબજો કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. તો યુક્રેનની સેના પણ દર વખતે રશિયન સેનાને પાછળ ધકેલી દે છે. આ વિસ્તાર યુક્રેન માટે ખાસ છે, કારણ કે ડોનેત્સ્કની એકતરફ રશિયા છે, તો બીજીતરફ યુક્રેનની રાજધાની કીવ આવેલું છે. આજ કારણે રશિયાને કીવ પહોંચતા પહેલા ડોનેત્સ્ક પાર કરવો એક મોટો પડકાર છે.

# પાકિસ્તાની સેનાને ભારતની બોર્ડર સુધી ધકેલી દઈશું: અફઘાન મંત્રીની શાહબાઝ અને મુનીરને કડક ચેતવણી

(સંપૂર્ણ સમાચાર સેવા)કાબુલ

અફઘાનિસ્તાન અને પાકિસ્તાન વચ્ચે ચાલી રહેલા તણાવ વચ્ચે દોહા બેઠકમાં યુદ્ધવિરામની જાહેરાત કરવામાં આવી છે.

આ દરમિયાન, તાલિબાનના નાયબ ગૃહમંત્રી મૌલવી મુહમ્મદ નબી ઓમારીએ પાકિસ્તાનને કડક ચેતવણી આપતા કહ્યું કે જો અફઘાનિસ્તાન પાકિસ્તાની સેનાને આક્રમણખોર જાહેર કરે છે, તો તેમને ભારતીય સરહદ તરફ પાછા ધકેલી દેવામાં આવશે.

ખાનગી પોર્ટલ અનુસાર, ઓમારીએ પાકિસ્તાની સેનાને સીધી ચેતવણી આપતા કહ્યું કે, જો અફઘાન જાતિઓ અને રાષ્ટ્રો એકવાર ધાર્મિક હુકમથી તમને આક્રમણખોર જાહેર કરે છે, તો હું અલ્લાહની કસમ ખાઉં છું, તમને ભારતીય સરહદ પર પણ સુરક્ષા મળશે નહીં.

મૌલવી મુહમ્મદ નબી ઓમારીએ ઈસ્લામાબાદના નાગરિક અને લશ્કરી નેતૃત્વની તીવ્ર ટીકા કરી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે પાકિસ્તાની લશ્કરી શાસન બીજાઓની ઈચ્છા મુજબ કાર્ય કરે છે, અને તમે તાજેતરમાં શાહબાઝ શરીફનો ટ્રમ્પ સાથે ખુશામતભર્યા સ્વરમાં વાત કરતો વીડિયો જોયો હશે.

ઓમારીએ સંભવિત પ્રાદેશિક દાવાઓનો પણ સંકેત આપતા કહ્યું કે વર્તમાન પરિસ્થિતિ સૂચવે છે કે ડ્યુરન્ડ લાઈનની આજુબાજુના વિસ્તારો, જે એક સમયે અફઘાનિસ્તાન દ્વારા ગુમાવવામાં આવ્યા હતા, તે આખરે અફઘાન પ્રદેશમાં પાછા આવી શકે છે.

તાલિબાન નેતાની ચેતવણી અફઘાનિસ્તાન-પાકિસ્તાન સરહદ પર વધતા તણાવ વચ્ચે આવી છે, જ્યાં તાજેતરમાં સરહદ પાર અથડામણો ફાટી નીકળી છે. કાબુલે ઈસ્લામાબાદ પર ૪૮ કલાકના યુદ્ધવિરામનું ઉલ્લંઘન કરવાનો આરોપ લગાવ્યો છે જેણે લગભગ એક અઠવાડિયાની લડાઈને અસ્થાયી રૂપે અટકાવી દીધી હતી, જેમાં બંને બાજુના ડઝનબંધ સૈનિકો અને નાગરિકો માર્યા ગયા હતા. કતરના વિદેશ મંત્રાલયે દોહામાં એક બેઠકનું આયોજન કર્યું હતું, જ્યાં પાકિસ્તાન અને અફઘાનિસ્તાન તાત્કાલિક યુદ્ધવિરામ માટે સંમત થયા હતા. આ પછી, ઈસ્તંબુલમાં વધુ બેઠક યોજાશે.

# સપાએ રામભક્તો પર ગોળીઓ ચલાવી, અમે દીપ પ્રગટાવ્યા: દીપોત્સવમાં બોલ્યા મુખ્યમંત્રી યોગી

**યોગીએ કહ્યું કે, ૨૦૧૭માં ભગવાન રામ એક તંબૂમાં હતા અને આજે તેઓ એક ભવ્ય મંદિરમાં વિરાજમાન છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)અયોધ્યા

રામનગરી અયોધ્યામાં રવિવારે (૧૯ ઓક્ટોબર) ઐતિહાસિક દીપોત્સવનું આયોજન થયું છે, મુખ્યમંત્રી યોગી આદિત્યનાથની હાજરીમાં એક નવો રેકોર્ડ બનવા જઈ રહ્યો છે. રામ કી પૈડી સહિત સરયૂ તટે બનેલા ૫૬ ઘાટ પર ૨૮ લાખથી વધુ દીવડા સજાવાયા હતા. જેમાં ૨૬ લાખ ૧૧ હજાર ૧૦૧ દીવડાઓ પ્રગટાવીને ઈતિહાસ રચવાનો લક્ષ્ય રખાયો હતો. ગિનીઝ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડની ટીમ ત્યાં હાજર હતી. સૂર્યાસ્ત થતા જ દીવડા પ્રગટાવી દેવાયા. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે પોતાના સંબોધનની શરૂઆત દીપોત્સવની શુભકામાઓ સાથે કરી છે. મુખ્યમંત્રીએ કાર્યક્રમમાં હાજર તમામ સંતો, ધર્માચાર્યો અને શ્રદ્ધાળુઓનું સ્વાગત કર્યું હતું.

મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કહ્યું કે, હું તમામ લોકોને દીપોત્સવની હાર્દિક શુભકામનાઓ આપું છું અને અહીં તમામ સંતો અને અતિથિઓનું સ્વાગત કરું છું. અયોધ્યા તે નગરી છે જ્યાં ધર્મએ માનવ રૂપે અવતાર લીધો, જ્યાં ભગવાન રામ સર્વત્ર છે. જ્યારે આપણે ૨૦૧૭માં અયોધ્યામાં પહેલો દીપોત્સવ મનાવ્યો હતો, તો અમારું એક માત્ર લક્ષ્ય દુનિયાને એ બતાવવાનું હતું કે જ્યારે આખી દુનિયા અંધકારનો સામનો કરી રહી હતી, ત્યારે અયોધ્યાએ ભગવાન રામનું સ્વાગત કેવી રીતે કર્યું.

મુખ્યમંત્રી યોગીએ કહ્યું કે, ૨૦૧૭માં આપણે પ્રગટાવવા માટે દીવડાઓ ઓછા પડી ગયા હતા. અમને અયોધ્યામાં માત્ર ૨૫ હજાર માટીના દીવડા મળ્યા. અમે લોકોને અપીલ કરી અને માત્ર ૫૧ હજાર મળ્યા. આજે, આખા ભારતના સંકલ્પ રૂપે અયોધ્યામાં લાખો દીવડાઓ પ્રગટાવાયા છે. આ માત્ર દીવડા નથી, પરંતુ અપમાન, અહંકાર અને ૫૦૦ વર્ષના સંઘર્ષ બાદ વિશ્વાસની જીત છે. મુખ્યમંત્રી યોગીએ કહ્યું કે, ૨૦૧૭માં ભગવાન રામ એક તંબૂમાં હતા અને આજે તેઓ એક ભવ્ય મંદિરમાં વિરાજમાન છે. દરેક દીપ આપણને એ યાદ અપાવે છે કે સત્ય પરેશાન હોય શકે છે, પરંતુ પરાજિત ન હોય શકે. સત્યની નિયતિ હોય છે વિજય થવાની. વિજય થવાની તે નિયતિની સાથે સનાતન ધર્મ સતત ૫૦૦ વર્ષ સુધી સંઘર્ષ કરતો રહ્યો. તે સંઘર્ષોના પરિણામ રૂપે અયોધ્યામાં ભવ્ય અને દિવ્ય મંદિરનું નિર્માણ થયું.

મુખ્યમંત્રી યોગીએ અયોધ્યા દીપોત્સવના પ્રસંગે પોતાના સંબોધનમાં નામ લીધા વગર સમાજવાદી પાર્ટ અને કોંગ્રેસ પર પણ પ્રહાર કર્યા. તેમણે કહ્યું કે, જે લોકો રામ ભક્તો પર ગોળીઓ ચલાવે છે તેઓ રામ મંદિરના પ્રાણ પ્રતિષ્ઠામાં નથી આવતા. તેમણે અયોધ્યામાં રામ મંદિર ના બને તેના માટે વિઘ્નો ઉભા કર્યા. તેમણે ગોળીઓ ચલાવી, અમે દીવડા પ્રગટાવી રહ્યા છીએ. તેમણે અયોધ્યાને ફૈઝાબાદ બનાવ્યું હતું, અમે ફરીથી અયોધ્યા બનાવી દીધું.

જણાવી દઈએ કે, મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અયોધ્યા પહોંચ્યા હતા. જ્યાં તેમણે પુષ્પક વિમાન રૂપે હેલિકોપ્ટરથી રામ, લક્ષ્મણ, સીતા અને હનુમાનના સ્વરૂપોનોના રામકથા પાર્ક હેલીપેડ પર સ્વાગત કર્યું. અહીં રામ જાનકીની વંદનાની સાથે ભરત મિલાપ પણ થયો. મુખ્યમંત્રી યોગીએ રામકથા પાર્કના મંચ પર શ્રીરામનું રાજ તિલક કર્યું. શ્રીરામ રાજ્યાભિષેક સમારોહ દરમિયાન રામકથા પાર્ક જય શ્રીરામના નારાથી ગુંજી ઉઠ્યો.




## મંત્રી સ્વરૂપજી ઠાકોરના સ્વાગતમાં સાંસદ ગેનીબેન ઠાકોરની મજાક ભરી કટાક્ષઃ ગેનીબેને કહ્યુ મેં સીટ ખાલી કરી એટલે જ તમે ધારાસભ્ય અને હવે મંત્રી બન્યા છો તો મારો આભાર માનવો જોઈએ

પ્રતિનિધિ,ગાંધીનગર

બનાસકાંઠાના ભાભર ખાતે નવનિયુકત મંત્રી સ્વરૂપજી ઠાકોરના સ્વાગત માટે એક વિશેષ કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ હતું. આ કાર્યક્રમમાં સ્થાનિક રાજકારણના અગ્રણીઓ અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા. કાર્યક્રમનુ મુખ્ય આકર્ષણ એ રહ્યુ કે બનાસકાંઠા લોકસભાના સાંસદ ગેનીબેન ઠાકોર પણ ભાજપના મંત્રી સ્વરૂપજી ઠાકોરના સ્વાગત માટે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. જે રાજકીય ક્ષેત્રે એક સકારાત્મક દ્રશ્ય રજુ કરે છે. સ્વાગત સમારોહ દરમિયાન કોંગ્રેસ સાંસદ ગેનીબેન ઠાકોરે પોતાની આગવી શૈલીમાં મંત્રી સ્વરૂપજી ઠાકોર સાથે હળવી મજાક કરી હતી. જેને કારણે વાતાવરણ હળવુ બની ગયુ હતુ, ગેનીબેને મંચ પરથી સ્વરૂપજી ઠાકોરને સંબોધતા કહ્યુ કે મેં સીટ ખાલી કરી એટલે જ તમે ધારાસભ્ય બન્યા અને હવે મંત્રી બન્યા છો, તો મારો આભાર માનવો જોઈએ. ગેનીબેનની આ હળવી ટકોર થી ઉપસ્થિત સૌ કોઈ હસી પડયા હતા. આ ઘટનાએ પક્ષીય રાજકારણની ગરમા ગરમી વચ્ચે પણ નેતાઓ વચ્ચેના વ્યકિતગત સૌહાર્દનો પુરાવો આપ્યો હતો. મંત્રી સ્વરૂપજી ઠાકોરના સ્વાગત કાર્યક્રમમાં વિરોધ પક્ષના સાંસદ ગેનીબેનની હાજરી અને તેમની હળવી મજાક એ દર્શાવે છે કે રાજકારણમાં પક્ષો ભલે અલગ હોય, પરંતુ વ્યકિતગત સંબંધોનુ મહત્વ હંમેશા જળવાઈ રહે છે. આ પ્રસંગે



બંને ઠાકોર નેતાઓએ એકબીજા પ્રત્યે સન્માનની લાગણી વ્યકત કરી હતી. ભાભર ખાતે યોજાયેલા આ કાર્યક્રમે માત્ર સ્વરૂપજી ઠાકોરના મંત્રી બનવાનો આનંદ જ નહી પરંતુ બનાસકાંઠાના રાજકારણમાં પરસ્પર સન્માન અને સૌહાર્દનો મેસેજ પણ ફેલાવ્યો હતો.

## આરોગ્યમંત્રી પ્રફુલ પાનસેરીયાની અગ્નિપરીક્ષાઃ
## પાનસેરીયાના શહેર સુરતમાં રોગચાળો ફાટી નિકળ્યોઃ ડેન્ગ્યુ, મેલેરીયા અને ચીકનગુનીયાના કેસમાં ચિંતાજનક વધારો

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત સરકારમાં હમણાં નજીકના સમયગાળામાં મંત્રી મંડળનુ વિસ્તરણ કરવામાં આવ્યુ હતુ ત્યારે નવનિયુકત આરોગ્યમંત્રી બનેલા પ્રફુલ પાનસેરીયાના શહેર સુરતમાં રોગચાળો ફાટી નિકળતા ચકચાર મચી જવા પામી છે.





સુરત શહેરમાં હાલમાં ડેન્ગ્યુ, ચીકનગુનીયા અને મેલેરીયા જેવા મચ્છરજન્ય રોગોના કેસોમાં ચિંતાજનક વધારો થયો છે. વરસાદી માહોલ અને પાણી ભરાવવાને કારણે રોગચાળો બેકાબુ બનતા સુરત મહાનગરપાલિકાનુ આરોગ્યતંત્ર યુદ્ધના ધોરણે એકશનમાં આવ્યુ છે. રોગચાળાને નિયંત્રિત કરવાના ભાગરૂપે છેલ્લા માત્ર ૧૮ દિવસમાં જ શહેરના ૧૦ લાખ થી વધુ મકાનોમાં સઘન સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ મેગા ઓપરેશનનો મુખ્યહેતુ મચ્છરની ઉત્પત્તિના સ્થળો (બ્રિડીંગ સ્પોટ) શોધીને તેનો નાશ કરવાનો અને લોકોને જાગૃત કરવાનો છે. જેથી રોગચાળો વધુ ન ફેલાય.

તંત્ર દ્વારા કરવામાં આવેલા સર્વે દરમિયાન જે મકાનો કે મિલ્કતોમાંથી મચ્છરના બ્રિડીંગ મળી આવ્યા છે તેવા માલીકો સામે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. મચ્છરના બ્રિડીંગ મળવાના કિસ્સાઓમાં તંત્રએ અત્યાર સુધીમાં રૂપીયા ૬ લાખ થી વધુનો દંડ વસુલ કર્યો છે જે દર્શાવે છે કે તંત્ર રોગચાળાના નિયંત્રણ માટે ગંભીર છે. આ ઉપરાંત મચ્છરના બ્રિડીંગ માટે જવાબદાર ૧૮૦૦ લોકોને પણ નોટીસો ફટકારવામાં આવી છે. જેમાં વ્યકિતગત રહેઠાણોથી માંડીને કોમર્શીયલ એકમોનો પણ સમાવેશ થાય છે. આ આકરા પગલા દ્વારા તંત્ર નાગરીકોને પોતાની આસપાસ સ્વચ્છતા જાળવવા અને પાણીનો ભરાવો ન થવા દેવા માટે ફરજ પાડી રહ્યુ છે.

ડેન્ગ્યુ, ચીકનગુનીયા અને મેલેરીયાના વધતા કેસ સુરત શહેર માટે એક મોટુ સ્વાસ્થ્ય સંકટ ઉભુ કરી રહ્યા છે. જે આરોગ્યમંત્રી પ્રફુલ પાનસેરીયા માટે અગ્નિપરીક્ષા બની રહે તો નવાઈ નહી, તંત્ર દ્વારા ભલે ૧૦ લાખ ઘરોનો સર્વે કરવામાં આવ્યો હોય અને દંડની કાર્યવાહી કરાઈ હોય પરંતુ રોગચાળાને સંપૂર્ણપણે નાથવા માટે માત્ર સરકારી પ્રયાસો પુરતા નથી. દરેક નાગરીકે પોતાના મકાન અને આજુબાજુના વિસ્તારોમાં પાણીનો ભરાવો ન થાય તેની તકેદારી રાખવી, અઠવાડીયે એકવાર પાણીના પાત્રો ખાલી કરવા અને મચ્છરદાનીનો ઉપયોગ કરવો જરૂરી છે. જાહેર અને ખાનગી સહયોગ દ્વારા જ સુરત આ રોગચાળાના ભરડામાંથી બહાર આવી શકશે.

## અરવલ્લી જિલ્લાના બાયડ ધારાસભ્યની દબંગગીરીઃ સાઠંબા તાલુકાની ગ્રામ પંચાયતોને વેરો વસુલવાનુ બંધ કરવાનુ કહેતા પંચાયતોનો વિકાસ રૂંધાયો

પ્રતિનિધિ,ગાંધીનગર

અરવલ્લી જિલ્લાની બાયડ વિધાનસભાના ધારાસભ્યની દબંગગીરી બહાર આવતા સાઠંબા તાલુકાની ગ્રામ પંચાયતો નો વિકાસ રૂંધાયો છે.

બાયડ ધારાસભ્ય દ્વારા નવનિયુકત સાઠંબા તાલુકાની ગ્રામ પંચાયતોએ વેરો વસુલવો નહી તેવો તઘલખી હુકમ કરતા પંચાયતોમાંના કર્મચારીઓનો પગાર કરવો મુશ્કેલ બની રહ્યો છે. આ અંગે સાઠંબા તાલુકાના આંબા ગામના સામાજિક કાર્યકર રામભાઈ વણકરે ગરવી ગુજરાત સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ કે હાલમાં દિવાળીના દિવસો નજીક આવી રહ્યા છે. ત્યારે સાઠંબા તાલુકાની ગ્રામ પંચાયતોમાં કામ કરતા કલાર્ક અને પટાવાળાઓનો પગાર કરવો મુશ્કેલ બની રહ્યો છે. ધારાસભ્ય ધવલસિંહ ઝાલા દ્વારા સાઠંબા તાલુકાની પંચાયતોએ ગ્રામજનો પાસેથી વેરો વસુલ કરવો નહી જેને લઈ સાઠંબા તાલુકાની ગ્રામ પંચાયતો હાલમાં કપરા સંજોગોમાંથી પસાર થઈ રહી છે. કર્મચારીઓનો પગાર કરવો મુશ્કેલ બની રહ્યો છે. નજીકના સમયગાળામાં વિધાનસભાની ચુંટણીઓ આવી રહી છે. ત્યારે ધારાસભ્યનો આ તઘલખી ફતવો આગામી વિધાનસભા ચુંટણીઓનમાં કેટલો કારગત નિવડે છે તે હવે જોવુ રહ્યું.



## સીઆર પાટીલના ગઢમાં મોટો ભુકંપ : નવસારીના ધારાસભ્ય અને જિલ્લા ભાજપ પ્રમુખ વચ્ચે તુ તુ મે મે જેવા દ્રશ્યો સર્જાયા

પ્રતિનિધિ,ગાંધીનગર




સીઆર પાટીલના ગઢ નવસારીમાં સત્તાધારી ભાજપમાં આંતરીક વિખવાદ ખુલ્લો પડયો છે. નવા મંત્રી નરેશ પટેલના સ્વાગત માટે આયોજીત જાહેર કાર્યક્રમ દરમિયાન નવસારીના ધારાસભ્ય આર સી પટેલ અને જિલ્લા ભાજપ પ્રમુખ ભુરાલાલ શાહ વચ્ચે તુ તુ મે મે જેવા દ્રશ્યો સર્જાયા હતા. જેને કારણે કાર્યક્રમમાં હાજર કાર્યકર્તાઓ આશ્ચર્યચકીત થઈ ગયા હતા. કાર્યક્રમ દરમિયાન સ્વાગત માટે લઈ રહેલા ફોટો શુટ માં ધારાસભ્ય આર સી પટેલે સ્પષ્ટ જણાવ્યુ હતુ કે સ્વાગતના ફોટામાં ભુરાલાલ શાહ ન હોવા જોઈએ તેમણે જિલ્લામાં વહિવટી શીલ પદે રહેલા વ્યકિતઓમાં સોશીયલ મીડીયામાં પસંદગીના આધાર પર ફોટા મુકવાનુ દોષારોપણ કર્યુ.

તારૂ સ્ટેટસ જોયુ હતુ આજે સવારે, તુ મારો ફોટો નથી મુકતો, એવુ કહીને આર સી પટેલે પોતાના અસંતોષને જાહેરમાં વ્યકત કર્યો હતો. આ ઘટનાએ સૌને અચંબામાં મુકી દીધા હતા. કારણ કે આ પ્રકારનો વિખવાદ સામાન્ય રીતે પાર્ટી આંતરીક મંચ પર જ રહેતો હોય છે. આ મુદ્દાને વધુ ગંભીર બનાવતુ એ રહ્યુ કે કાર્યક્રમ દરમિયાન બંને આગેવાનોએ અલગ અલગ ફોટા પડાવ્યા, પ્રથમ જિલ્લા ભાજપ પ્રમુખ ભુરાલાલ શાહે મંત્રી સાથે પોતાનો ફોટો પડાવ્યો જયારે ત્યારબાદ ધારાસભ્ય આર સી પટેલે અલગ ફોટો પડાવ્યો. જેમાં પ્રમુખ ફ્રેમમાંથી દુર રહ્યા, આ પ્રકારની ખુલ્લી અસહમતીથી સ્થાનિક કાર્યકર્તાઓમાં ચર્ચાનો વિષય બન્યો હતો. પાર્ટી સંગઠનમાં સન્મવયની ઉણપ સ્પષ્ટ જણાઈ રહી છે. જેને આગામી દિવસોમાં નિભાવવી પાર્ટી માટે પડકારરૂપ બની શકે છે.

## અમદાવાદના આરટીઆઈ એકિટવિસ્ટની હત્યા કરીને લાશ થરાદ નજીક કેનાલમાં ફેંકી દીધી

### બિલ્ડર લોબીએ રૂપીયા ૨૦ લાખની સોપારી આપી હતી : પોલીસે ૪ આરોપીઓની કરી ધરપકડ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



થરાદ શહેરની નજીકની કેનાલમાંથી અઠવાડીયા અગાઉ અમદાવાદના આરટીઆઈ કાર્યકર રસીક પરમારની લાશ મળી આવી હતી. પ્રાથમિક તપાસમાં આપઘાત હોવાનુ લાગતુ હતુ. પણ એફએસએલ અને પોસ્ટમોર્ટમના રીપોર્ટમાં હત્યા થઈ હોવાનો ખુલાસો થતા પોલીસે ત્વરીત તપાસ કરીને હત્યાનો ભેદ ઉકેલીને થરાદ પોલીસે ૪ આરોપીઓની ધરપકડ કરી છે. જયારે હત્યાનુ કાવતરૂ બિલ્ડર લોબી દ્વારા રચવામાં આવી હોવાનુ બહાર આવ્યુ છે. રૂપીયા ૨૦ લાખની સોપારી આપી બિલ્ડર લોબીએ તેનો કાંટો કાઢી નંખાવ્યો હોવાનો ઘટસ્ફોટ થયો છે.

પોલીસ સુત્રો પાસેથી મળેલી માહિતી મુજબ થરાદની નર્મદા કેનાલમાં એક યુવાનની લાશ મળી આવી હતી. પોલીસે તપાસ કરતા લાશ અમદાવાદના આરટીઆઈ કાર્યકર રસીક પરમારની હોવાનુ જાણવા મળ્યુ હતું. પોલીસે પીએમ રીપોર્ટ બાદ ત્વરીત તપાસ હાથ ધરીને હત્યારા ૪ આરોપીઓને ઝડપી લીધા છે. પોલીસ તપાસમાં એવી વિગતો મળી છે કે મૃતક રસીક પરમાર આરટીઆઈ એકિટવિસ્ટ તરીકે ભ્રષ્ટાચારને ખુલ્લો પાડતા હતા. પોલીસની ૮ ટીમોએ હાથ ધરેલી ઉંડાણપૂર્વકની તપાસમાં ખુલાસો થયો કે બિલ્ડર લોબીએ તેમની હત્યા માટે રૂપીયા ૨૦ લાખની સોપારી આપી હતી. થરાદ ડીવાયએસપી એસ એમ વારોતરીયાએ ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યુ હતુ કે થરાદ પોલીસને નર્મદા કેનાલમાં એક મૃતદેહ મળ્યાની જાણ થતા તાત્કાલીક ઘટનાસ્થળે પહોચી હતી. મૃતદેહ જોઈને પ્રથમ દ્રષ્ટીએ ગળાના ભાગે કાપાના નિશાન જણાતા હત્યાનો ડાઉટ થયો હતો. પીએમ (પોસ્ટમોર્ટમ) રીપોર્ટમાં પણ તે કુદરતી મોત કે આત્મહત્યા નહી પણ હત્યા હોવાનુ બહાર આવ્યુ હતું. પોલીસે મૃતકની ઓળખ માટે પ્રયાસો કરતા તે અમદાવાદના રસીકભાઈ હોવાનુ માલુમ પડયુ હતું. મૃતકના ભત્રીજાની ફરીયાદના આધારે વાવ-થરાદ ના પોલીસ અધિક્ષકની સુચનાથી ગુન્હાનો ભેદ ઉકેલવા માટે ટેકનીકલ સર્વેલન્સ, મોબાઈલ લોકેશન, સીસીટીવી ફુટેજ અને હ્યુમન રીસોર્સીસ ના આધારે ૮ અલગ અલગ ટીમોનુ ગઠન કરવામાં આવ્યુ હતું. તપાસ દરમિયાન એક આરોપીનુ લોકેશન મળતા તેને ઝડપી લેવામાં આવ્યો હતો. પુછપરછ કરતા તે આરોપી ભાંગી પડયો હતો. અને હત્યાની કબુલાત કરી હતી. તપાસમાં બહાર આવ્યુ કે આ હત્યા સોપારી લઈને કરવામાં આવી હતી. મૃતક રસીક પોતે આરટીઆઈ એકિટવિસ્ટ હોવાથી જે જગ્યાએ ભ્રષ્ટાચાર થતો હોય ત્યાં અરજી કરીને તેને ખુલ્લો પાડતા હતા. ડીવાયએસપી વધુમાં જણાવ્યુ હતુ કે આ કેસમાં બિલ્ડર લોબીની સંડોવણી ખુલી છે. ઝુંપડપટ્ટી કે વસાહતોના પુનઃ વિકાસ (રીડવલપમેન્ટ) હેઠળ જેમને નવા મકાનો મળવાપાત્ર હતા ત્યાં આરોપીઓ બોગસ ગ્રાહકો ઉભા કરીને આખી સ્કીમ ચલાવતા હતા. જેથી ખરેખર હકદાર લોકોને મકાન ન મળે.

## ગુજરાતમાં ૮૦૯ કિલોમીટરના ૯ હાઈસ્પીડ કોરીડોર બનશેઃ ૫૫૭૬ કરોડ રૂપિયાના ખર્ચે નિર્માણ કરાશે

### અમદાવાદ-હરસોલ-ગાંભોઈ અને વિજયનગરના ૧૪૩.૩૦ કિ.મી. રોડ માટે રૂ. ૬૪૦.૩૦ કરોડ

પ્રતિનિધિ,ગાંધીનગર




મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે રાજયના રોડ ઈન્ફ્રાસ્ટ્રકચર નેટવર્કને વધુ સંગીન અને સુવિધાયુકત બનાવીને ઈઝ ઓફ ટ્રાન્સપોર્ટેશનથી વિકસિત ગુજરાત દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવાનો દ્રઢ નિર્ધાર કર્યો છે. મુખ્યમંત્રીએ આ હેતુસર માર્ગ મકાન વિભાગને વિવિધ યોજના અંતર્ગત કુલ ૧૨૪ કામો માટે રૂપીયા ૭૭૩૭ કરોડ ફાળવવાનો નિર્ણય લીધો છે.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે વિકાસ માટે માર્ગો અને પુલોની મહત્વતા ધ્યાને લેતા સમગ્ર ગુજરાતને સુવિધાસભર અને સલામત માર્ગોની કનેકટીવીટી દ્વારા છેવાડાના વિસ્તારો સુધી મજબુત માર્ગોનુ નેટવર્ક પુરૂ પાડવાના દિશા નિર્દેશો માર્ગ મકાન વિભાગને આપ્યા છે. તેમણે રાજયમાં ભારે ટ્રાફીક ધરાવતા રસ્તાઓને ગરવી ગુજરાત હાઈસ્પીડ કોરીડોર તરીકે વિકસાવીને વધુ સરળ, સલામત અને ઝડપી વાહન વ્યવહાર યોગ્ય બનાવવા માટે ૮૦૯ કિ.મી. લંબાઈના ૯ ગરવી ગુજરાત હાઈસ્પીડ કોરીડોર માટે ૫૫૭૬ કરોડ રૂપીયા મંજુર કર્યા છે. જેમાં (૧) બગોદરા-ધંધુકા-બરવાળા-બોટાદના ૯૨.૨૩ કિ..મી. લંબાઈ માટે ૬૭.૪૩ કરોડ (૨) બોટાદ-ઢસા-ચાવંડ- અમરેલી-બગસરા-બીલખા-મેંદરડા ના ૬૭.૩૦ કિ.મી. માટે રૂપીયા ૧૫૮.૬ કરોડ (૩) મેંદરડા-કેશોદ-માંગરોળના ૪૮.૫૫ કિ.મી. માટે રૂપીયા ૮૧.૩૮ કરોડ (૪) ઉંઝા-પાટણ-શિહોરી-દિયોદર-ભાભર ના ૧૦૫.૦૫ કિ.મી. રોડ માટે રૂપીયા ૮૫૮.૩૯ કરોડ (૫) કરજણ-ડભોઈ-બોડેલીના ૭૧.૧૦ કિ.મી. રોડ માટે રૂપીયા ૩૩૧.૧૬ કરોડ (૬) દહેગામ-બાયડ-લુણાવાડા-સંતરામપુર- ઝાલોદના ૧૬૭.૫૪ કિ.મી. માટે રૂપીયા ૧૫૧૪.૪૧ કરોડ (૭) અમદાવાદ-હરસોલ-ગાંભોઈ-વિજયનગર ના ૧૪૩.૩૦ કિ.મી. ના રોડ માટે રૂપીયા ૬૪૦.૩૦ કરોડ (૮) સંતરામપુર-મોરવા હડફ-સંત રોડ ના ૪૯.૯૦ કિ.મી. રોડ માટે રૂપીયા ૮૬૧.૭૧ કરોડ અને સંત રોડ- દેવગઢબારીયા-છોટા ઉદેપુરના ૬૪.૦૫ કિ.મી. રોડ માટે રૂપીયા ૧૦૬૨.૮૨ કરોડ મંજુર કરવામાં આવ્યા છે.

આ નવા હાઈસ્પીડ કોરીડોરનુ નિર્માણ થવાથી પરીવહન વધુ ઝડપી બનશે તેમજ પીએમ ગતિશકિત અન્વયે લોજીસ્ટિકસ કાર્યક્ષમતામાં સુધારો અને ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો થશે, હાઈસ્પીડ કોરીડોર બનવાના પરીણામે નવુ ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપ થશે અને તેની આસપાસના વિસ્તારોમાં આર્થિક વિકાસ તથા વેપાર ઉદ્યોગને પ્રોત્સાહન મળશે. એટલુ જ નહી મહત્વના શહેરો સાથે ઝડપી જોડાણ મળતા અને મુસાફરી સરળ અને પ્રવાસનને પણ વેગ મળશે. મુખ્યમંત્રીએ રાજયના માર્ગોને કલાઈમેન્ટ રેજીલીયેન્ટ અને નવી ટેકનોલોજીયુકત બનાવવા માટે રૂપીયા ૧૧૪૭ કરોડ મંજુર કર્યા છે. તેમાંથી ૨૭૧ કિ.મી. લંબાઈમાં ૨૦ કામો હાથ ધરવામાં આવશે. આ કલાઈમેટ રેજીલીયેન્ટ અને નવતર ટેકનોલોજીસભર રોડ રસ્તાઓના નિર્માણમાં વેસ્ટ પ્લાસ્ટિક,વ્હાઈટી ટોપીંગ, જીઓગ્રીડ અને ગ્લાસ ગ્રીડ,સિમેન્ટ / સ્ટેબીલાઈઝેશન, ફલાય એસ, ગ્રીન ટેકનોલોજી જેવી નવી ટેકનોલોજીના ઉપયોગથી લાંબુ આયુષ્ય ધરાવતા વધુ ટકાઉ અને મજબુત, લાઈફ સાયકલ કોસ્ટમાં બચત થાય તેવા અને પર્યાવરણને અનુરૂપ માર્ગોનુ નિર્માણ થશે.

આ ઉપરાંત તેમણે રાજયના રોડ રસ્તાઓની સપાટી સુધારણાના ૭૯ કામો ૮૦૩ કિ.મી. માં હાથ ધરવા માટે ૯૮૬ કરોડ રૂપીયાની મંજુરી આપી છે. મુખ્યમંત્રીએ ચાલુ વર્ષના બજેટમાં રોડ નેટવર્કને વધુ સુદ્રઢ અને સંગીન બનાવવા માટે ગરવી ગુજરાત હાઈસ્પીડ કોરીડોર અંતર્ગત ૧૩૬૭ કિ.મી. ના ૧૨ નવા હાઈસ્પીડ કોરીડોર વિકસાવવાની મહત્વપૂર્ણ જાહેરાત કરી છે. તેમણે આ ૯ હાઈસ્પીડ કોરીડોરના નિર્માણ માટેની મંજુરી સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો જે કહેવુ હતુ તે કરવુ નો સંકલ્પ લઈને ઈઝ ઓફ લીવીંગ આપીને પાર પાડવાનુ મહત્વનુ કદમ ભર્યુ છે.

## ગુજરાતમાં ભાજપની નાવ ડુબવાને આરે : અસંતોષ-જુથવાદ ચરમસીમાએ : ગુજરાત ભાજપમાં જુથવાદને લઈ પડતીના સંકેત

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત ભાજપમાં આંતરીક અસંતોષ અને જુથબંધીનો માહોલ યથાવત છે અને શિસ્ત જેવુ કઈ બચ્યુ નથી. પરાણે શિસ્ત બતાવવા ભાજપના મોવડીઓ મથામણ કરી રહ્યા છે. પણ વાસ્તવિકતા કંઈક જુદી જ છે.



નવા મંત્રી મંડળ સમયે મોટી મોટી વાતો થઈ પણ તેનુ ગ્રાઉન્ડ લેવલે કોઈ મહત્વ નથી રહ્યુ જેનુ તાજુ ઉદાહરણ વડોદરા જિલ્લાની પાદરા તાલુકાની ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિની ચુંટણી છે. દિવાળી ઉપર મંત્રી મંડળ ચેન્જ કરી ભાજપે બે દિવસ ભારે પ્રચાર કર્યો પણ ઉલ્ટાનો જ તે દિવસે અસંતોષ વધવાનો છે તે નકકી છે.વડોદરાના પાદરા માં ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિની ચુંટણીમાં ભાજપના જ બે આગેવાનો સામસામે ટકરાયા તે વાત જ સાબિત કરે છે કે હવે ભાજપમાં પણ કોઈનો કંટ્રોલ રહ્યો નથી અને કોઈને કોઈ ગણતુ નથી અને કોંગ્રેસવાળી થઈ છે. અહીં ભાજપના જ બે જુથ ટકરાયા છે. જેના પરીણામે જાહેર થતા વર્તમાન ધારાસભ્ય પ્રેરીત ભાજપની પેનલનો સફાયો થઈ જતા ભાજપની આબરૂનુ લીલામ થયુ છે. પૂર્વ ધારાસભ્યની પેનલના ખેડુત વિભાગના તમામ ૧૦ ઉમેદવારોનો વિજય થયો હતો.

પાદરા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના આ પરીણામને સ્થાનિક રાજકારણના આગામી દિવસો માટે એક મહત્વપૂર્ણ સંકેત તરીકે જોવામાં આવી રહ્યુ છે. ભાજપ સામે ભાજપના જ ઉમેદવારોની પેનલ બનતા રાજકીય માહોલ ગરમાયો હતો. આ ચુંટણીમાં ભાજપને મોટો રાજકીય ફટકો લાગ્યો છે. પાદરા બજાર સમિતિના ખેડુત મતવિભાગની ૧૦ બેઠકો માટે ગઈ કાલે શનિવારે મતદાન થયુ હતું. જેમાં ૬૦૦ થી વધુ મતદારોએ મતદાન કર્યુ હતું. જેની મતગણતરી દરમિયાન ભાજપના પૂર્વ ધારાસભ્ય દિનુમામા પ્રેરીત ખેડુત સહકાર પેનલની શરૂઆત થી જ લીડ જોવા મળી હતી. મજાની વાત એ પણ હતી કે બે ભાજપીઓના ટકકર માં કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય સહિતના આગેવાનો પણ પૂર્વ ધારાસભ્યની પેનલની તરફેણમાં રહ્યા હતા. મતગણતરીના અંતે તમામ ૧૦ બેઠકો પર ખેડુત સહકારી પેનલના ઉમેદવારો અગ્રેસર રહેતા તેમને ચુંટાયેલા જાહેર કરવામાં આવ્યા હતા.

આમ પૂર્વ ધારાસભ્ય દિનુમામાનુ ૩૦ વરસથી ચાલતુ પ્રભુત્વ જળવાઈ રહ્યુ હતુ અને વર્તમાન ભાજપના ધારાસભ્ય ચૈતન્ય ઝાલા પ્રેરીત પેનલનો સફાયો થયો હતો. પરીણામે જિલ્લા ભાજપ પ્રમુખ સહિત ભાજપના અન્ય આગેવાનોમાં પણ કચવાટ જોવા મળ્યો હતો. ભાજપ જ ભાજપ સામે હોય ચુંટણી દરમિયાન અજીબ વાતાવરણ જોવા મળ્યુ હતું. પરીણામો જાહેર થયા તેમાં ચુંટાયેલી પેનલમાં સૌથી વધુ મત પ્રવિણસિંહ સીંધા ને ૪૪૮ મત મળ્યા હતા જયારે સૌથી ઓછા મત ૧૦ માં ક્રમાંકે વિજેતા બનેલા વિક્રમસિંહ સિંધાને ૩૬૨ મત મળ્યા હતા. જેઓનો પરાજય થયો તે પેનલમાં સૌથી વધુ મત પ્રદ્યુમનસિંહ ચૌહાણને ૨૨૩ અને સૌથી ઓછા મત રાજેન્દ્રસિંહ રાજને ૧૭૬ મત મળ્યા હતા.

આ ચુંટણીમાં ખાસ ચર્ચાની વાત એ રહી કે આગામી વિધાનસભા ચુંટણીઓ દરમિયાન ભાજપ સંગઠનને મજબુત બનાવવા ટોચના નેતાઓ હુંકાર કરી રહ્યા છે પણ હવે સંગઠનનુ તો દુર કોઈ કોઈનુ સાંભળતુ નહી હોવાનો ઘાટ જોવા મળી રહ્યો છે.

## શહેરમાં કરેલી દિવાળીની રોશની જોવા નીકળેલા યુવકનું અકસ્માતમાં મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

વડોદરાના અકોટા દાડિયા બજાર બ્રિજ પર મોડી રાત્રે અકસ્માત સર્જાયો હતો. જેમાં શહેરમાં કરેલી રોશની જોવા નીકળેલા ૧૮ વર્ષીય યુવકનું કમકમાટીભર્યું મોત નિપજ્યું છે. ટ્રકની ટકકર વાગતા એક્ટિવા સવારનું ઘટના સ્થળે મોત નિપજ્યું છે. દુખદ વાત એ છે કે, જન્મ દિવસે જ અકસ્માત થતા યુવકે જીવ ગુમાવ્યો. પ્રાપ્ત માહિતી અનુસાર, તરસાલી વિસ્તારમાં રહેતા દિનેશભાઈ પટેલ એક ખાનગી કંપનીમાં નોકરી કરે છે. તેમના ૧૮ વર્ષીય દીકરા ધીર પટેલનો શનિવારે જન્મદિવસ હતો. તેથી તે પોતાના મિત્રો સાથે તરસાલી વિસ્તારમાં આવેલ એક હોટલમાં જમવા ગયો હતો. વડોદરા શહેરમાં દિવાળી હોવાથી ચારેતરફ રોશની કરવામાં આવી છે. ત્યારે ૧૮ વર્ષીય પાટીદાર યુવક ધીર પટેલ પોતાના મિત્રો સાથે દિવાળીમાં કરાયેલ રોશની જોવા નીકળ્યો હતો. ધીર પટેલ પોતાના મિત્રો સાથે દાંડિયા બજાર બ્રિજ પર લાઈટિંગ જોવા પહોંચ્યો હતો. તે ટુ વ્હીલર લઈને બ્રિજ પર પહોંચ્યો ત્યારે એક ટ્રકે ધીરની એક્ટિવાને ટક્કર મારી હતી. આ અકસ્માત એટલો ગંભીર હતો કે, તેનુ એક્ટિવ ટ્રકના આગળના ભાગમાં ઘૂસી ગયુ હતું. ટ્રકે એક્ટિવાને ટક્કર મારતા ધિર અને ગૌતમ બારીયા બંને મિત્રોને ઈજાઓ પહોંચી હતી. જેમાં ધિરને માંથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા ખાનગી હોસ્પિટલમાં જ્યારે મિત્ર ગૌતમને સયાજી હોસ્પિટલમાં ૧૦૮ મારફતે સારવાર માટે લઈ જવામાં આવ્યો હતો. જ્યાં ધીર પટેલને મૃત જાહેર કરાયો હતો. દીકરાના અકસ્માતની ઘટનાની જાણ થતા જ આખો પાટીદાર પરિવાર હોસ્પિટલ પહોંચ્યો હતો. દીકરાના મોતની ખબર મળતા જ પરિવાર પર આભ તૂટી પડ્યું હતું. આમ, પટેલ પરિવારે જુવાનજોધ દીકરો ગુમાવ્યો હતો.